# સેક્ટર-૩ માંથી સ્વાઈન ફલુનો બીજો કેસ મળ્યો

## શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૬ થઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવ્યો છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૬ થઈ છે.

આજે સે. ૩માંથી એક ૬૧ વર્ષીય વૃદ્ધાને સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું પરીક્ષણ દરમ્યાન જણાઈ આવ્યુ છે. આ મહિલા દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ દર્દીની તબિયત સ્થિર છે. તંત્રની ટીમો દ્વારા દર્દીના ઘર અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જોકે કોઈ શંકાસ્પદ કેસ મળ્યો ન હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં અત્યાર સુધી સ્વાઈન ફલુના નોંધાયેલા તમામ કેસ નવા સેક્ટરોમાંથી જ મળ્યા છે. સેક્ટર-૩માંથી આ બીજો કેસ મળ્યો છે. શહેરમાં સ્વાઈન ફલુનો પ્રથમ કેસ પણ સે. ૩ માંથી જ મળ્યો હતો જે નોંધનીય છે.

શહેરી આરોગ્યતંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં ૩ મહિલા અને ૩ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.



સ્વચ્છતા ત્યાં પ્રભુતા - ગાંધી જયંતિના ઉજવણીના ભાગરૂપે દેશભરમાં સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો યોજાયા હતા... ગાંધીનગરમાં પણ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની આગેવાની હેઠળ શહેરના એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું... ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર પ્રવીણભાઈ પટેલ, અને પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશીષ દવે સહિત ભાજપના આગેવાનો જોડાયા હતા.

# ગાંધીનગર જિલ્લામાં ૯૮ ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

## ચોમાસા પહેલાં લેવાયેલા નમૂનાઓના પરિણામમાં ચોંકાવનારી વિગતો : ગાંધીનગરના ૪૦, દહેગામના ૩૮, કલોલના ૧૨ અને માણસાના ૪ ગામનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૯૮ ગામોમાં આજે પણ પીવાલાયક પાણી નહિ હોવાનું જણાતા સમગ્ર જિલ્લાતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

વાસ્મો દ્વારા ચોમાસા પૂર્વે જિલ્લાભરના ગ્રામ્ય વિસ્તારોના પાણીના સ્ત્રોતોમાંથી નમુના લેવામાં આવ્યા હતા. આ નમુનાઓનું પરીક્ષણ તંત્રની લેબોરેટરીમાં કરવામાં આવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાંથી ૫૦૦થી પણ વધુ નમુના એકત્ર કરી અને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૯૮ નમુના નાપાસ થઈને આવ્યા છે અર્થાત્ આ પાણી પીવાલાયક જણાયા નથી.

ગાંધીનગર જિલ્લામાં જે ૯૮ ગામના નમૂના નિષ્ફળ રહ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૪૦, દહેગામના ૩૮, કલોલના ૧૨ અને માણસા તાલુકાના ૪ ગામના નમુનાઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ વર્ષે સિઝનનો વરસાદ ૫૦ ટકા કરતાં પણ ઓછો નોંધાયો છે અને જિલ્લાના ભૂગર્ભજળના સ્તર પર પણ તેની અસરો જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લો આમેય ઓવર એક્સ્પોઈટેશન કેટેગરીમાં આવે છે ત્યારે આ પરિણામોએ તંત્રને ચોંકાવી દીધુ છે.

જો કે પાણી પુરવઠા વિભાગના સૂત્રોનો સંપર્ક કરતાં જણાવ્યુ હતુ કે આવા ગામોની સંખ્યા બે-ત્રણ વર્ષ પૂર્વે ૧૭૦ની આસપાસ હતી પરંતુ આ પછી નર્મદાનું પાણી ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતો દ્વારા લેવાનું શરૂ કરાતાં તેમાં ઘટાડો થયો છે. ગત વર્ષે જિલ્લામાં ૧૨૫ જેટલા ગામો નર્મદાનું પાણી લેતા ન હતા.

તંત્રએ ગ્રામીણ વિસ્તારોમાં હવે નર્મદાનું પાણી વાપરે તે માટેનું અલાયદુ અભિયાન શરૂ કરવાની યોજના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં નર્મદાના પાણી માટેનું આખુ નેટવર્ક પણ તૈયાર કરી

● અનુસંધાન પાન-૭ પર

# મંત્રી નિવાસસ્થાન વિસ્તારમાં ડેન્ગ્યુનો કેસ મળતા આરોગ્ય તંત્રમાં દોડધામ

## શહેરમાં વધુ ૩ નવા કેસ ડેન્ગ્યુના મળી આવ્યા : શહેરમાં ડેન્ગ્યુના અત્યાર સુધીમાં ૪૫થી વધુ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસ મંત્રીશ્રી નિવાસસ્થાન વિસ્તારમાંથી મળતાં શહેરી મેલેરિયાતંત્રની ટીમો દોડતી થઈ ગઈ છે.

શહેરમાં વધુ ૩ નવા કેસ ડેન્ગ્યુના મળી આવ્યા છે. જે પૈકીનો એક કેસ મંત્રીશ્રી નિવાસસ્થાન વિસ્તારનો હોવાનું જણાયા બાદ તંત્રની ટીમો દોડતી થઈ જવા પામી છે. શહેરમાં આ સિઝનમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૪૫ને પાર કરી ગઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ડેન્ગ્યુના મચ્છરો માટે અત્યારે સૌથી સાનુકૂળ વાતાવરણ છે અને કેસો છુટાછવાયા વિસ્તારમાંથી મળી રહ્યા છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો તંત્રનો દાવો છે.

મંત્રીશ્રીના નિવાસસ્થાન વિસ્તારનો યુવાન દર્દી અમદાવાદમાં એન્જીનીયરીંગનો અભ્યાસ કરી રહ્યો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સે. ૧૨ અને સે. ૨૪માંથી એક એક કેસ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

શહેરી મેલેરિયાતંત્રની ટીમ દ્વારા એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારના સર્વેલન્સ દરમ્યાન અન્ય કોઈ શંકાસ્પદ કેસ ધ્યાને આવ્યો નથી. શહેરી વિસ્તારમાં છુટાછવાયા કેસો મળી રહ્યા છે.

સે. ૧૨, સે. ૧૩ અને નવા સેક્ટરોમાં આ વખતે કેસ વધુ જોવા મળ્યા છે. જો કે સે. ૨૨ અને સે. ૩૦માં પણ છુટા છવાયા કેસો જોવા મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. નવા સેક્ટરોમાં રહેતા વસાહતીઓ અમદાવાદ સાથે વધુ સંપર્કમાં હોવાથી કેસો આ વિસ્તારમાં વધુ થયાનું તંત્રના સૂત્રોનું માનવુ છે.

# નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતા ગૃહિણીઓમાં કકળાટ

## દિવાળી સફાઇનુ કામ કરતી ગૃહીણીઓમાં પાણીની પોકાર : નવા સેકટરોમાં પાણીનો ફોર્ષ ઘટતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૨

શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ફોર્ષથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરમાં પાણીના સપ્લાય વેળાએ ફોર્ષથી પાણી ન આવતા સ્થાનિકોને દિવસ દરમિયાન પાણી માટે વલખા મારવા પડે છે. આજે પણ શહેરના સે-૩ થી ૬ માં પાણી ફોર્ષથી ન આવ્યુ હોવાનો આક્રોશ સ્થાનિકોએ વ્યકત કર્યો હતો.

શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે મીટર પધ્ધિતથી પાણી સપ્લાય કરવાની યોજના પણ આગામી દિવસોમાં અમલી બનશે. જો કે આ પુર્વે પાણીની લાઇન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાથી આ મામલે પણ તંત્ર દ્વારા સર્વેનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. સેકટરો અસ્તિત્વમાં આવ્યા ત્યારથી પાણીની લાઇન યથાવત સ્થિતિમાં છે. જયારે જરૂરિયાત સામે સક્ષમ લાઇન ન હોવાથી પાણીની લાઇનમાં કાટ લાગવાની સાથે લીકેજીસની સમસ્યા ઉદભવે છે. જયારે સેકટરોમાં ફોર્ષથી પાણી સપ્લાય કરવામાં પણ અનેકવાર પ્રશ્નો ઉદભવે છે. સેકટરોમાં પાણીના વપરાશ સામે પુરતો સપ્લાય આપવામાં આવે છે. આમછતા સેકટરોમાં ફોર્ષથી પાણી ન આવતુ હોવાની પોકાર અનેકવાર સેકટરવાસીઓમાં ઉઠવા પામે છે. નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણી પુરતા દબાણથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આજે પણ શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્ષથી ન આવતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો. હાલના દિવસોમાં સેકટરોમાં ગૃહીણીઓ દ્વારા સફાઇ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં પાણી ન આવતા સેકટરોમાં સવારથી જ ગૃહીણીઓમાં કકળાટ ઉઠયો હતો. શહેરના સેકટરોમાં પાણીના મામલે છાશવારે ફરિયાદો ઉઠવા પામે છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીનો પુરતો સપ્લાય થાય તેમજ સેકટરોમાં પાણીની પોકાર ડામવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

# સેન્ટ્રલ વર્જમાં જાડી-જાંખરા ઉગી નિકળતા માર્ગ સલામતી જોખમાઇ

## શહેરમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની સફાઇ કરાશે

ગાંધીનગર તા ૨

શહેરમાં વરસાદી દિવસોના અંતે વૃક્ષોની વનરાજી વચ્ચે જાડીજાંખરા ઉગી નિકળ્યા છે. નગરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં રોપાઓની ડાળી વધવા ઉપરાંત વનસ્પતિ ઉગી નિકળતા વાહનચાલકોને વિઝન મળતુ ન હોવાથી માર્ગ સલામતી પણ જોખમાઇ છે. જો કે વનતંત્ર દ્વારા આ સ્થિતિ નિવારવા માટે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી હોવાનુ જણાવાયુ છે.

ગાંધીનગરના સેકટરોમાં ચોમેર વનરાજી જોવા મળે છે. જયારે વરસાદી દિવસોના અંતે હાલ સેકટરોમાં હરિયાળી નિખરી છે. વૃક્ષોની વનરાજી વચ્ચે ચોમેર હરિયાળી ચાદર પથરાયેલી જોવા મળી રહી છે. બીજીતરફ સેકટરોના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં પણ લીલુ ઘાસ અને વનસ્પતિ ઉગી નિકળી છે. જેના લીધે મુખ્યમાર્ગો પર ક્રોસ પોઇન્ટ પર જતા વાહનચાલકોને યોગ્ય વિઝન મળતુ નથી આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઇ છે.

**ક્રોસ રોડ પર વાહનચાલકોને વિઝન મળતુ નથી : વનતંત્રએ સફાઇ હાથ ધરી : ચોમાસા બાદ ઉગી નિકળેલી વનસ્પિત દુર કરવા વનતંત્રએ ચ-૦ થી સફાઇ શરૂ કરી**

જયારે અગાઉ વનતંત્ર હાથ ધરાયેલુ આ સફાઇ અભિયાન બંધ કરી દેવાયુ હતુ. જેના લીધે નગરના મુખ્યમાર્ગોની આસપાસ ફુટપાથને અડીને જાડીઝાંખરા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગોના સેન્ટ્રલ વર્જમાં પણ મોટુ ઘાસ ઉગી નિકળ્યુ છે. જયારે રોપાઓની ડાળીઓ પણ માર્ગ પર લટકતી જોવા મળી રહી છે. સેકટરોમાં પણ કોમન પ્લોટમાં બિનજરૂરી વનસ્પતિ ઉગેલી જોવા મળી રહી છે. પરંતુ નવરાત્રિ મહોત્સવની ઉજવણીના પગલે સેકટરોમાં કોમન પ્લોટની સફાઇ કરવામાં આવી રહી છે. જો કે વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ ચ-૦ થી સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આગામી એક સપ્તાહમાં ચ અને ઘ માર્ગ પર સફાઇ કામગીરી પુર્ણ કરી દેવાશે.



અનોખી રચના - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર ખાતે યુવાનો દ્વારા માનવ સાંકળથી ગાંધીજીની તસવીરની રચના કરાઈ હતી... છેલ્લા ચાર માસથી યુવાનોએ સંકલ્પ કર્યો હતો કે, ગાંધી-૧૫૦ ઉજવણીના ભાગરૂપે ગાંધી જયંતિના દિને માનવ સાંકળ દ્વારા ગાંધીજીની તસવીરનું જીવન ચિત્ર ખડુ કરવું... સોમવારે સવારે પોરબંદર ખાતે રચાયેલ અનોખી પ્રતિકૃતિ દેશવાસીઓ માટે હૃદયસ્પર્શી બની હતી...

# બિલ્ડરે ગુડાની નોટીસની ઐસી તૈસી કરી રાંદેસણમાં બાંધકામ ચાલુ રાખ્યુ

## અગાઉ ખેડુતની ખોટી સહી કરવાના મામલે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી : ગુડાએ માત્ર નોટીસ આપી આંખ આડા કાન કર્યા

ગાંધીનગર તા ૨

ગાંધીનગર નજીક સ્થિત રાંદેસણ ગામની સીમમાં ખડુતની જમીન પર બિલ્ડર દ્વારા મનફાવે તેમ બાંધકામ કરવામાં આવી રહ્યુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જયારે ખેડુતની જમીન સંદર્ભે ખોટી સહીઓ કરીને રજુ કરાયેલા સંમત્તિ પત્રકના અંતે ગુડાએ બિલ્ડરને નોટીસ આપીને બાંધકામ અટકાવી દેવા માટે આપેલી સુચના બાદ પણ બાંધકામ ચાલુ હોવાનો રોષ ખેડુત દ્વારા વ્યકત કરવામાં આવી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે ગુડા દ્વારા આ મામલે કોઇ એકશન ન લેવાતા હોવાનો આક્રોશ પણ ખેડુતમાં પ્રબળ બન્યો છે.

ગાંધીનગરના ધોળાકુવા ગામમાં રહેતા અને પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા વિઠલજી કાનાજી મકવાણાએ રાંદેસણ ગામની સીમમાં સર્વે નં -૨૩૧ની જમીનમાં બિલ્ડર દ્વારા બાંધકામ કરવામાં આવી રહ્યુ હોવાના મામલે ગુડાને રજુઆત કરવામાં આવી હતી. આ જમીનમાં બાંધકામ મામલે વિઠ્ઠલજીની ખોટી સહીઓના આધારે બિલ્ડર સુરેશ પટેલ તેમજ વિઠ્ઠલજીના પરિવારજનોએ સંમતિપત્ર આપ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ અંગે અગાઉ સે-૭ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઇ હતી. જયારે ગુડાને રજુઆત કરતા ગુડા દ્વારા બિલ્ડરને નોટીસ આપી તાત્કાલિક અસરથી કામ બંધ કરવા માટે નોટીસ આપવામાં આવી હતી. પરંતુ આ નોટીસના અંતે પણ બાંધકામ રૂટીન મુજબ ચાલુ જ રહેતા વિઠ્ઠલજીએ આ અંગે ગુડાના તંત્રને રજુઆત કરી છે. ગુડાના અધિકારીઓ આ મામલે યોગ્ય તપાસ કરીને જરૂરી પગલા લેતા ન હોવાનો આક્રોશ પણ તેમણે ઠાલવ્યો છે. ખેડુતની રજુઆત બાદ ગુડાની નોટીસની પણ ઐસી તૈસી કરનારા બિલ્ડર સામે યોગ્ય પગલા લેવાય તેવી માંગ પણ તેમણે કરી છે. જયારે ગુડાનુ તંત્ર પણ આ મામલે કેમ આંખ આડ કાન કરી રહ્યુ છે તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહકજન્ય રોગના દર્દીઓ વધ્યા

## ૨૦૧૬ની સ્થિતિનું પુનરાવર્તન થતુ હોય તેવુ લાગી રહ્યું છે : છુટાછવાયા ૨૦ જેટલા કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગના દર્દીઓનો ગ્રાફ સતત વધી રહેતાં જિલ્લા મેલેરિયા તંત્રની દોડધામ વધી જવા પામી છે. છેલ્લા એક પખવાડિયામાં જ ૨૦ જેટલા ડેન્ગ્યુના પોઝીટવ કેસ મળી આવ્યા છે.

ડેન્ગ્યુના વધતા જતા કેસો ૨૦૧૬ની સ્થિતિનું પુનરાવર્તન કરતા હોય એવુ હાલ લાગી રહ્યુ છે. ૨૦૧૬માં પણ ડેન્ગ્યુના કેસો છુટાછવાયા સતત વધતા રહ્યા હતા. કુડાસણ સહિતના ન્યુ ગાંધીનગર વિસ્તારમાંથી આ વખતે ડેન્ગ્યુના કેસો વધારે મળ્યા છે. જોકે રાંધેજા, સરઢવ, કાનપુર, ચિલોડા, અડાલજ, ખોરજ, માણસા તાલુકાના ધોળાકુવા તેમજ અન્ય વિસ્તારોમાં છુટાછવાયા કેસો મળી આવ્યા છે.

હવામાનમાં સતત બદલાવ તેમજ ભેજવાળુ વાતાવરણ અને અનિયમિત વરસાદના કારણે આ વખતે કેસોનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યુ હોવાનું મનાઈ રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંય ખાસ કરીને ન્યુ ગાંધીનગર વિસ્તાર ડેન્ગ્યુના કેસો માટે અતિસંવેદનશીલ વિસ્તાર બની ઉભરી રહ્યો છે. આ વિસ્તારમાં ૮૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો ચાલુ હોવાથી તંત્રએ આ વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના ત્રણ રાઉન્ડ બાદ પણ સતત અને સઘન મોનીટરીંગની એક આખી ચેઈન બનાવી પરિસ્થિતિને કાબુમાં લેવામાં જરૂર સફળતા મળી છે પરંતુ છુટાછવાયા કેસો મળી રહ્યાનો તંત્રના અધિકારીઓ એકરાર કરી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે મેલેરિયાના કેસોનું પ્રમાણ ઘટ્યુ છે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા બહેન **મધુબેન નાથાલાલ પટેલ (ઉર્ફે મંજુલાબેન)**નું તા. ૩૦/૯/૨૦૧૮ને રવિવારના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૪/૧૦/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૭૭૭/૨, સેક્ટર-૪/સી, ખ-૨ નજીક, ગાંધીનગર. મો. ૯૮૭૯૯ ૭૦૬૮૪**

લી.

**કનુભાઈ નાથાલાલ પટેલ**

**પ્રવિણભાઈ નાથાલાલ પટેલ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com